અપીલ અરજી નં.૧૮૭ તા.૮–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયા
સામાવાળાઃ– શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયાની તા.૩–૭–૧૦ ની અરજીથી મુદ્દા નં.(૧) મુંબઈ માર્કેટ શાળા નંબર–૧૧૮ ગુજરાતી,મરાઠી અને હિન્દી ગુજરાતી શાળા નં.૭૮૯, ૭૯૦માં દાખલ કરવામાં આવેલ ૨૦૧૦ યાદી બાળકોના નામો તેમના વાલી ઘરના સરનામા સાથે આપવામાં આવે. ધોરણ ૧થી બીજું વર્ષ જે બાળકો મુંબઈ માર્કેટ ગુજરાતી હિન્દી, મરાઠી તમામ ડોપ આઉટ યાદી બાળકોના નામો અને સરનામા સાથે આપવામાં આવે વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૮–૯–૧૦ ની **SMC/FAP/** નં.૧૮૭/૨૦૧૦–૧૧

શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયાની તા.૩–૭–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ મુંબઈ માર્કેટ શાળા નંબર– ૧૧૮ ગુજરાતી,મરાઠી અને હિન્દી ગુજરાતી શાળા નં.૭૮૯, ૭૯૦માં દાખલ કરવામાં આવેલ ૨૦૧૦ યાદી બાળકોના નામો તેમના વાલી ઘરના સરનામા સાથે આપવામાં આવે. ધોરણ ૧થી ૭ બીજું વર્ષ જે બાળકો મુંબઈ માર્કેટ ગુજરાતી હિન્દી, મરાઠી તમામ ડોપ આઉટ યાદી બાળકોના નામો અને સરનામા સાથે આપવામાં આવે વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૧૨ તા.૧૭–૯–૧૦ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ) તથા અરજદારને અપીલ અરજી લગભગ દિન–૭ ના વિલંબથી કરેલ જે અંગે વાજબીપણું જણાવવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. તેમજ અરજદાર તરફથી પણ અત્રેના વિભાગને કોઈ વિગતો મળેલ નથી.

અરજદારની તા.૩–૭–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી પૂર્વઝોન વરાછાખાતે જાહેર માહિતી અધિકારી ન.પ્રા.શિ.સ. ગોપીપુરાને કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ મુંબઈ માર્કેટ શાળા નંબર – ૧૧૮ ગુજરાતી , મરાઠી અને હિન્દી ગુજરાતી શાળા નં.૭૮૯, ૭૯૦માં દાખલ કરવામાં આવેલ ૨૦૧૦ યાદી બાળકોના નામો તેમના વાલી ઘરના સરનામા સાથે આપવામાં આવે. ધોરણ ૧થી ૭ બીજું વર્ષ જે બાળકો મુંબઈ માર્કેટ ગુજરાતી હિન્દી, મરાઠી તમામ ડોપ આઉટ યાદી બાળકોના નામો અને સરનામા સાથે આપવામાં આવે. મુદ્દા નં.ર. નવા કમેલા સંજયનગર ઉમરવાડા ન.પ્રા.શાળા ૧–૭ ધોરણ ૨૦૧૦ દાખલ થયેલા બાળકો હિન્દી, મરાઠી, ગુજરાતી માઘ્યમ ની યાદી સરનામા અને બાળકોના નામો સાથે આપવામાં આવે. મુદ્દા નં.(૩) સંતરગીવાડ સહારા દરવાજા સવારપાળી તથા બપોરપાળી પ્રત્યેક માઘ્યમ બાળકો આ વર્ષે દાખલ થયેલા ૧ થી ૭ ધોરણના બાળકોની યાદી નામ સરનામા સાથે આપવામાં આવે તથા ડોપ આઉટ થયેલા બાળકો વર્ષ ૨૦૧૦ ની યાદી સરનામા સાથે આપવામાં આવે. મુદ્દા નં.(૪) નવા કમેલા સંજયનગર શાળા નં.૨૨૬ તથા અન્ય માઘ્યમ શાળા ડોપ આઉટ બાળકો સાલ ૨૦૧૦ ની યાદી આપવામાં આવે. તેવી માહિતીની માંગણી કરવામાં આવેલ છે જે બાબતે અરજદારે જવાબ આપ્યો નથી તેવું જણાવી તા.૮–૦૯–૧૦ ના રોજ દિન–૫ ના વિલંબથી અપીલ અરજી કરવામાં આવેલ છે. જે બાબતે વિલંબ અંગે આધાર અને વાજબીપણું રજૂ કરવા અરજદારને અપીલ તબકકે અત્રેથી આરટીઆઈ સેલ/૭૧૨ તા.૧૭–૯–૧૦ ના રોજ પત્ર પાઠવવામાં આવેલ. તે જોતાં કલમ–૧૯(૧) અને નિયમ–૬ મુજબની જોગવાઈઓ જણાવવામાં આવી છે. કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ ની અવધિ બાદની પ્રથમ અપીલના કિસ્સામાં અરજદારના પૂરતા કારણ હેઠળ સમય મર્યાદામાં અપીલ કરી શકયા નથી. તેવી સંતોષકારક ખાત્રી પ્રથમ અપીલ અધિકારીને કરાવવાનું ઉત્તરદાયિત્વ અરજદાર પર નિર્ભર રહે છે અને તે ઘ્યાને રાખી વિલંબિત અપીલ ગ્રાહય રાખવા યોગ્ય તે નિર્ણય લેવાનું પ્રથમ અપીલ અધિકારીના વિવેક બુઘ્ધિને આધિન રહે છે. આ કાયદાકીય જોગવાઈના સંદર્ભે જ અરજદાર પાસેથી જ વિગતો માંગેલ છે. તેમ છતાં અરજદાર તરફથી અપીલ સાથે કે અપીલ તબકકે તેવી કોઈ વિગતો અત્રે મળેલ નથી. આરટીઆઈ કાયદાની જોગવાઈઓ મુજબ વિલંબિત અપીલ અરજી વાજબીપણાની અનુપસ્થિતિમાં પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી. તેમ છતાં કાયદાનું હાર્દ અને ભાવના ને ઘ્યાને રાખી અરજદારની અપીલ ગ્રાહય રાખવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પાડેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૭–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પડાયેલ ન હોઈ માંગેલ માહિતી પૈકી તમામ મુદ્દાઓ અંગે બાળકોના નામની યાદી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને  દિન–૭ માં  અત્રેની જાણ હેઠળ  અરજદરને પૂરી પાડવા  તથા બાળકો તથા વાલીઓના સરનામા અંગે આરટીઆઈ એકટની કલમ ૧૧ હેઠળ યોગ્ય પ્રક્રિયા હાથ ધરી ઉચિત નિર્ણય લઈ અરજદારને દિન–૧૫ માં યોગ્ય માહિતી કે પ્રત્યુત્તર પાઠવવા પણ શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :      –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ) ......જાણ તથા અમલ માટે
(૨) શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયા